ગુજરાત સમાચાર
૧૪-૧૧-૨૦૧૨, બુધવાર

# દેશમાં-રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આશ્ચર્યજનક ફેરફારો દેખાશે

**તા.** ૧૪-૧૧-૨૦૧૨થી વિક્રમ સંવત ૨૦૬૯નો પ્રારંભ થઈ રહ્યો છે ગ્રહયોગ પ્રમાણે

વિક્રમ સંવત ૨૦૬૯ દેશને દુનિયાના રાજકારણમાં, વેપાર ઉદ્યોગમાં મહત્વના ફેરફારોનું રહે. આ વર્ષમાં મહાભય, ઉત્પાત, મંદી, વિનાશ, જનસંહાર, છત્રભંગના યોગ બની રહ્યા છે. રાજકીય નેતાઓ, ધર્માચાર્યોને કષ્ટ પીડાના યોગ છે. ખેતીવાડી, હવામાન, વરસાદની પરિસ્થિતિ ચિંતાજનક રહે.

નવા વર્ષમાં વર્ષ દરમ્યાન શનિ તુલા રાશિમાં રહે છે. તા. ૨૩-૧૨-૨૦૧૨થી રાહુનું પરિભ્રમણ તુલા રાશિમાં શરૂ થાય છે. ગુરૂ ગ્રહ વૃષભ, મિથુન રાશિમાંથી પસાર થાય છે. સૂર્ય, મંગળ તેમજ અન્ય ગ્રહયોગોનું પરિભ્રમણ, ખપ્પરયોગ, છત્રભંગ, રાજ્યભંગ, દેશભંગ, ઉત્પાત, મહાભય યોગોના કારણે સંવત ૨૦૬૯ જેમ જેમ પસાર થાય તેમ તેમ રાજકીય, રાષ્ટ્રીય અસ્થિરતા, છત્રભંગ, વિનાશ, કુદરતી આપત્તિઓ, ચલણી નાણાંનું અવમૂલ્યન, મોંઘવારી, મહામંદી વગેરે પરિસ્થિતિના કારણે દેશ ને દુનિયામાં આસમાની સુલતાની સર્જાય.

ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોમાં આશ્ચર્યજનક ફેરફારોથી ભારતના રાજકારણની તાસીર બદલાય. પ્રાદેશિક પક્ષોના પ્રભાવ, ખેંચતાણમાં સ્થિર સરકાર રચવામાં મુશ્કેલ

## વિક્રમ સંવત ૨૦૬૯ રાજકીય ભવિષ્ય

પડે. કેન્દ્ર સરકારને વહેલી ચૂંટણીની જાહેરાત કરવી પડે! ભારતમાં જે કલ્પનાને અવકાશ ન હોય છતાં જે તે રાજ્યમાં લશ્કરી બળવો કે લશ્કરી પ્રભુત્વ, શાસનની પરિસ્થિતિ સર્જાય! ભારતના પ્રાદેશિક ભાગલા, પરદેશી ઘૂસણખોરી, આક્રમણથી, યુદ્ધથી સાવધાની રાખવી પડે. ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન ભારતના સરહદી વિસ્તારોમાં પોતાનું આધિપત્ય સ્થાપવા તેમજ ભારતના વાણિજ્ય ક્ષેત્રમાં, લશ્કરી ક્ષેત્રમાં પ્રવેશવાના પ્રયત્ન કરે.

સંવત ૨૦૬૯માં કુદરતી આપત્તિઓના કારણે વિશ્વના રાષ્ટ્રોમાં વિનાશનું તાંડવ જોવા મળે. મ્લેચ્છોના પ્રાધાન્યવાળા દેશ-વિસ્તારમાં વધુ અશાંતિ, અરાજકતા જણાય. મ્લેચ્છો પરસ્પરના કલહ-યુદ્ધમાં, આતંકવાદ, બોમ્બ વિસ્ફોટથી, યુદ્ધથી વિનાશને નોંતરે! મ્લેચ્છો, મ્લેચ્છ દેશો પોતાનું આધિપત્ય પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો કરે.

શાસ્ત્રદૃષ્ટિએ આ વર્ષના ગ્રહયોગોના સંકેતોનું સંક્ષિપ્તમાં અવલોકન કરતાં -

क्लेश पूर्णाश्व देशां

- દેશામાં કલેશ, કંકાસ, ધરતીકંપ થાય. લોકો સુખ અને ધન વગરના થાય.

- પૃથ્વી બધાનો વિનાશ કરનારી રહે, ઉત્તરમાં મ્લેચ્છોનો નાશ, પૃથ્વી મ્લેચ્છરૂપ બને. દુષ્કાળ પડે.

રાજકીય ભવિષ્ય સંવત ૨૦૬૯

ચિત્ર....

- મહાયુદ્ધથી વિશ્વમાં હાહાકાર, મ્લેચ્છોનો આતંક, બોમ્બ વિસ્ફોટ, છત્રભંગ થાય. યમુના કિનારાના પ્રદેશોમાં ભય. દિલ્હીમાં રસકસનો નાશ! પાક ઓછો થાય.

- સૌરાષ્ટ્રમાં અશાંતિ, વિનાશ, છત્રભંગ, કોઈ નેતાનું નિધન થાય.

- કુરુક્ષેત્રમાં દુષ્કાળ.

रक्तेन पूरीता पृथ्वी

તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૩થી તા. ૮ જુલાઈ ૨૦૧૩ દરમ્યાન પૃથ્વી લોહીથી ખરડાય. લોકોને ભય, પીડા રહે. નેતાઓ પરસ્પર કલહ કરે. દુષ્કાળનો ભય રહે. બ્રાહ્મણોને પરશુરામ બનવું પડે. મ્લેચ્છોમાં યુદ્ધ થાય. મ્લેચ્છ પ્રજાનો યુદ્ધ, કલહથી વિનાશ, મૃત્યુ થાય.

नृपाणां विग्रहः

તા. ૩૧-૫-૨૦૧૩ પછી નેતાઓમાં વિગ્રહ થાય. દેશ પરદેશના રાજકારણમાં, વેપાર ધંધામાં પ્રજા દુઃખી જણાય, કષ્ટપીડામાં પીસાય. મહામંદીની અર્થતંત્ર પર અસર જણાય. મકાન, જમીનોના વેપાર-ધંધામાં આર્થિક કડાકો સર્જાય! તે સિવાય

ઉત્તર, પશ્ચિમમાં ચિત્ર વિચિત્ર વરસાદ થાય. ભય સર્જાય. નેતાઓમાં કલહ-વિવાદ થાય. પશ્ચિમ, ઉત્તરમાં દુષ્કાળની પરિસ્થિતિ રહે. જુન, જુલાઈમાં દુષ્કાળનો ભય રહે. રાજકીય અશાંતિ સર્જાય. પૃથ્વી પર હાહાકાર મચે. ખેતીઓનો નાશ થાય. આસો મહિનામાં કેટલાક રાષ્ટ્રમાં રાજયુદ્ધ થાય. પ્રજા ઉઘાડે છોગ લૂંટાય. પ્રજા બળવો કરે. વર્ષારંભે કારતક મહિનામાં આપત્તિઓ, મુશ્કેલીઓ વધે. વ્યાધિભય જણાય. નવેમ્બરમાં વિરોધ, અશાંતિનું વાતાવરણ રહે.

राज विग्रहं, छत्रभंग प्रजापीडां

ઈ.સ. ૨૦૧૨ના અંતમાં પૃથ્વી પર યુદ્ધ થાય. પ્રજા રડે. પશ્ચિમમાં વિગ્રહ થાય. છત્રભંગ થાય. રાજ વિગ્રહ થાય. નેતા, પ્રજાનો વિરોધ જણાય. ભારત, અમેરિકાના રાજકારણમાં રાજકીય સમીકરણો બદલાય. જાન્યુઆરી ૨૦૧૩ના પ્રારંભે પ્રજા, સરકારને તકલીફ, કષ્ટપીડા, ધરતીકંપ, અગ્નિથી વિનાશ, છત્રભંગ छत्रभंग... महद्भयम् રાજવિગ્રહ થાય. દેશ વિદેશમાં કોઈ નેતાનું અવસાન થાય. રાષ્ટ્રીય, રાજકીય અસ્થિરતા સર્જાય! કોઈ નેતાના પુત્રનુ અવસાન થાય! તે સિવાય વિશ્વના કોઈ રાષ્ટ્રમાં રાષ્ટ્રધ્વજ અડધીકાઠીએ ફરકે!

मराघोरं विग्रहं य महाभयम्

नराणां आपदा

ઈ.સ. ૨૦૧૩ જેમ જેમ પસાર થાય તેમ તેમ જગતમાં ભય, ઉત્પાત, વિનાશના બનાવોના કારણે પ્રજાને પીડા, પૃથ્વી લોહીથી ખરડાય! રાજદુધ, સંતાપ, કલેશ વધે, પ્રયાગના કુંભ મેળામાં પીડા સર્જાય! રોગચાળો, વિનાશ, આતંકવાદી હુમલાથી જાન-માલની હાનિ થાય! અજંપો અનુભવાય! नराणां आपदा જગતમાં ભય, અશાંતિ, કોઈ નેતાનું મૃત્યુ થાય! કોઈ રાષ્ટ્રનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકે! કોઈ સ્થળે આતંકવાદી હુમલાથી હાહાકાર મચે! માર્ચ, એપ્રિલ તકલીફ અશાંતિના જણાય. ગુજરાતમાં કષ્ટપીડા, અશાંતિ જણાય! વિશ્વના નેતાઓને પીડા, નેતા-પ્રજાનો સંગ્રામ સર્જાય. युद्धयनो भूभृतो ऽन्योन्यं । એપ્રિલમાં छत्रभंग न संशयः ।

ઈ.સ. ૨૦૧૩ના નાણાંકીય વર્ષના પ્રારંભે ભારત સરકાર નવા ચલણી સિક્કા બહાર પાડે. ભારતના સરહદી વિસ્તારમાં પરદેશી છમકલા, ઘૂસણખોરી, યુદ્ધ, આક્રમણની પરિસ્થિતિ જણાય. પરદેશી સત્તાઓ ભારતની જમીન પર આધિપત્ય સ્થાપિત કરવાના પ્રયત્નો કરે. સરહદી વિસ્તારની પ્રજા સ્થળાંતર કરે. શાસન સામે વિરોધ, પ્રદશનો, હડતાલ, નુકસાન જણાય.

सर्व जनानां कलहं

મે મહિનામાં सर्व जनानां कलहं વિશ્વના દેશોમાં ઉત્પાત, કલહ, અશાંતિ, વ્યાધિપીડાથી, હાહાકારના બનવાથી સ્તબ્ધતા અનુભવાય. કોઈ સ્થળે બહુ પવન ફૂંકાય. ચક્રાવાતથી નુકસાન, શિલાઓ પડે. જંગલમાં વૃક્ષો બળી જાય. કોઈ નેતાનું અકસ્માતમાં મૃત્યુ થાય!

વિશ્વમાં દેશભંગ, રાજ્યભંગ, મંદીની અસરો વર્તાય! બિલ્ડરોની ઊંઘ હરામ થતી જાય! તા. ૨૧ જુન સુધીનો સમય દેશ ને દુનિયામાં અશાંતિ, ઉત્પાતનો રહે!

જુલાઈમાં પૃથ્વી લોહીથી ખરડાય! વિનાશકારી ચક્રવાત, ભય, ઉત્પાત! જગતના શેર બજારમાં તેજી! ઓગસ્ટમાં મંદીથી શેરબજારમાં હાનિ? રાષ્ટ્ર રાષ્ટ્ર, રાજ્ય રાજ્ય વચ્ચે કલહ, વિવાદ, છત્રભંગ થાય! ઓગસ્ટના અંતમાં પવન અધિક ફૂંકાય! અતિવૃષ્ટિ થાય! સપ્ટેમ્બરમાં સારો વરસાદ થાય. સૌરાષ્ટ્ર સમુદ્રમાં વિગ્રહ, ઉત્પાત, ધરતીકંપ, અશાંતિ. ઓક્ટોબરમાં સરહદી વિસ્તારમાં દુશ્મન રાષ્ટ્રોની ઘૂસણખોરી, છમકલાં યુદ્ધથી અશાંતિ! વિશેષમાં ગુજરાત સમાચાર પંચાંગમાં માસ સંકેતમાં વિસ્તૃત સંકેતો દર્શાવેલ છે. વર્ષાઋતુ દરમ્યાન તોફાની હવામાનથી વિનાશ, નુકસાન સર્જાય, પ્રજાને, વેપારીઓને પીડા ભોગવવી પડે. ચીન, અમેરિકા અન્ય રાષ્ટ્રોમાં અશાંતિ, ભારતમાં દિપાવલી સમયે રાજદુઃખ, આંતરકલહ, ઈ.સ. ૨૦૧૨ના અંતમાં






રાજકીય સમીકરણોમાં બદલાવ આવે.

### કાર્તિક

ક્રોધ સંવત્સર

વિક્રમ સંવત ૨૦૬૯ ક્રોધ સંવત્સરથી શરૂ થાય છે. શાસ્ત્રદૃષ્ટિએ -

क्रोधाष्दे त्वखिला लोका

क्रोध लोभ परायणाः

इति दोषेण सततं

मध्यशस्पार्धवृष्टथः

ક્રોધ સંવત્સરમાં બધા લોકો ક્રોધ તેમજ લોભ-લાલચવાળા રહે. તેના કારણે વરસાદ તેમજ અનાજ મધ્યમ રહે. રાજા-પ્રજા સુખી પરંતુ વિરોધ વધે. પાપાચાર થાય. ચૈત્ર, વૈશાખ મંદી. જેઠમાં ચડ-ઉતર. અષાઢ, શ્રાવણમાં મોંઘવારી. ભાદરવો, આસોમાં કલહ. બુધવારથી વર્ષ શરૂ થાય છે તેથી વર્ષ કરકરું.

ચૈત્રી વર્ષ સંવત્સર વિજય

તા. ૧૧-૪-૨૦૧૩ ગુરૂવારથી ચૈત્ર શાકે ૧૯૩૫ વિજય સંવત્સરથી શરૂ થાય છે. શાસ્ત્રદૃષ્ટિએ -

युद्धयनो भूभृतो ऽन्योन्यं लोकानां च धन क्षयः ।

दुर्भिक्ष न क्वचित्स्वस्य सहु सस्यार्ध वृषयः ॥

- વિજય સંવત્સરમાં નેતા-પ્રજા પરસ્પર સંગ્રામ કરે.

- લોકોના ધનનો ક્ષય થાય.
- દુષ્કાળ પડે.
- કોઈ સ્થળે સ્વસ્થતા-સુખ.
- વરસાદ સારો થાય.
- અનાજ સારું થાય.
- રોગ બહુ ઉત્પન્ન થાય.
- એક નેતાનું મૃત્યુ.
- ચૈત્રમાં વરસાદ થોડો.
- વૈશાખ-જેઠ મંદ.
- ભાદરવામાં રોગ, બિમારી.
- ગુજરાતમાં દુષ્કાળ.
- પોષ-ફાગણમાં વરસાદ પડે.
- નવો સિક્કો બહાર પડે.
- વરસાદથી વહેલી ખેતીનો નાશ થાય.
- બીજી ખેતી વખતે નેતાઓમાં કલહ, અશાંતિ.
- ચૈત્ર સુદ એકમે ગુરૂવાર છે તેથી સુભિૅક્ષ.
- ચૈત્ર સુદમાં તિથિ વૃદ્ધિ છે અને વદમાં તિથિ ક્ષય છે તેથી પૃથ્વી પર અનાજ બહુ થાય.
- ચૈત્ર સુદ પૂનમે ગ્રહણ છે તેથી વર્ષ નબળું.
- ચૈત્ર વદ અમાસે ભરણી નક્ષત્ર છે તેથી લોકોમાં રોગચાળો.

- ચૈત્રમાં પાંચ ગુરૂવાર છે તેથી દુભિૅક્ષ, છત્રભંગ થાય. વરસાદમાં અવરોધ.

### કાર્તિક-ચૈત્રી વર્ષારંભ

કાર્તિક-ચૈત્રી વર્ષારંભે દેશને દુનિયામાં શાંતી જણાય નહીં. નેતાઓમાં નમ્રતા તેમજ વ્યવહારમાં કુશળતા ન રહેવાથી લોકો દુઃખી રહે. નેતાઓના નાણાં કૌભાંડો, જમીન કૌભાંડો, ભ્રષ્ટ ચારિત્ર્ય હિતના, નિમ્ન નિતિમત્તા, અપ્રમાણિકતા, જુઠ્ઠાણાંઓના કારણે શાસનમાં, બંધારણમાં વિશ્વસનીયતા જણાય નહીં.

ચૈત્રી વર્ષારંભનો રાજા ગુરૂ છે તેથી જરૂરી વરસાદ થાય. ગાયો સારું દૂધ આપે. બ્રાહ્મણો યજ્ઞ - યગાદિમાં વ્યસ્ત રહે. બધા લોકોના મોટા મોટા ઉત્સવો આ વર્ષમાં થતા રહે. ધર્મ ઉત્સવોથી વર્ષ દરમ્યાન પ્રજા સુખ-આનંદમાં રહે. વિજ્ઞાનના ક્ષેત્રે, વિદ્યાના ક્ષેત્રે, ધર્મક્ષેત્રે પ્રગતિ-સફળતા જણાય. ભારતમાં, ગુજરાતમાં વિકાસ જણાય. પરદેશી રોકાણકારો, વેપારધંધા રોજગારમાં વધારો થાય. ચૈત્રમાં પાંચ ગુરૂવાર છે તેથી દુભિૅક્ષ, છત્રભંગ. શ્રાવણમાં પાંચ ગુરૂવાર છે તેથી દુભિૅક્ષ, છત્રભંગ, અષાઢમાં પાંચ મંગળવાર શુભ. ફાગણમાં પાંચ મંગળવાર શુભ. વૈશાખ સુદ અને વદ ચૌદશ શુક્રવાર છે તથી પૃથ્વી પર બહુ અનાજ થાય. જેઠમાં પવન ફૂંકાય. અષાઢમાં વિનાશકારી વાવાઝોડું ફૂંકાય. વૈશાખમાં પાણીની ખેંચ વર્તાય. પવન ફૂંકાય. છત્રભંગ થાય. દુષ્કાળનો ભય રહે. અષાઢમાં તકલીફ પડે. અનાજ મોંઘુ થાય. ભાદરવામાં વરસાદ ખેંચાય. લોકોને પીડા અનુભવાય.

ચોમાસામાં - પવન, વાદળ, વીજળી, વરસાદની સંભવિત તારીખ

મે તા. ૪, ૧૮, ૨૦, ૨૩, ૨૯, ૩૧. જુન ૩, ૬, ૭, ૧૦, ૧૪, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૯, ૩૦. જુલાઈ ૧, ૪, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૮. ઓગસ્ટ ૨, ૩, ૬, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૩, ૨૭, ૩૦, ૩૧. સપ્ટેમ્બર ૧, ૩, ૬, ૯, ૧૦, ૧૧, ૧૩, ૨૦, ૨૨, ૨૩, ૩૦. ઓક્ટોબર ૫, ૧૦, ૧૨, ૧૭, ૨૧, ૨૩, ૨૭, ૨૯, ૩૦.

### આદ્રામાં સૂર્યનારાયણ

જેઠ સુદ તેરસ તા. ૨૧-૬-૨૦૧૩ શુક્રવાર રાત્રે ૨૮ ક. ૩૬ મિ. સૂર્યનારાયણ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. વાહન દેડકો છે. જેથી જેઠ સુદમાં વરસાદની શરૂઆત થાય.

મકર સંક્રાંત

પોષ સુદ બીજ રવિવાર તા. ૧૩-૧-૨૦૧૩ રાત્રે સૂર્યનારાયણ મકર રાશિમાં પ્રવેશ કરે છે. સંક્રાંતિનું વાહન હાથી છે. ઉપવવૃત ગર્દન છે. ઉત્તરમાંથી દક્ષિણમાં ગમન છે. પૂર્વમાં મુખ અને નૈઋત્વમાં દૃષ્ટિ છે. તેથી ઉત્તર, દક્ષિણ, પૂર્વ, નૈઋત્વમાં ઉત્પાત, અશાંતિ, કુદરતી આપત્તિ જણાય.

### વર્ષ દરમ્યાન શનિની અસર

વિક્રમ સંવત ૨૦૬૯માં વર્ષ દરમ્યાન શનિ તુલા રાશિમાં પરિભ્રમણ કરે છે. શાસ્ત્રદૃષ્ટિએ -

### તુલાના શનિ દરમ્યાન -

અનાજના ભાવ વધે. શહેર, ગામડાઓમાં લોકો કલેશ, કંકાસ કરે. ધરતીકંપ થાય. ધર્માચાર્યોને પીડા થાય. વરસાદ ઓછો થાય. લોકો સુખ અને ધન વગરના થાય. અગ્નિનો ભય રહે. સાત ધાન્ય મોંઘા થાય. ઉત્તરમાં કાળ, દુકાળ પડે. મ્લેચ્છોનો નાશ થાય. પૃથ્વી મ્લેચ્છરૂપ બને. મહામારી તેમજ અન્ય રોગચારોથી પ્રજાના મૃત્યુ પ્રમાણ વધે. હાહાકાર, ભૂખમરો જણાય. કોઈ નેતાનું મૃત્યુ થાય. મહાયુદ્ધથી પૃથ્વી લોહીથી ખરડાય. સર્વનાશ જણાય. દિલ્હીના શાસનકર્તાઓને આપત્તિ, મુશ્કેલીમાંથી પસાર થવું પડે. તે સિવાય કુદરતી આપત્તિઓ, યુદ્ધ, ધરતીકંપ, સુનામી, પુર, અગ્નિ, ચક્રાવાત, બિમારી, આતંકવાદ, બોમ્બ વિસ્ફોટથી વિનાશ સર્જાય. તા. ૧૮-૨-૨૦૧૩થી તા. ૮-૭-૨૦૧૩ દરમ્યાન શનિ પરિભ્રમણ પ્રતિકુળ અસરો દેશ ને દુનિયામાં સર્જાય ઓક્ટોબરમાં હવામાનને અસર કરે.

ગુરૂ, વૃષભ-મિથુનમાં શું અસર કરે!

વર્ષારંભે ગુરૂ વૃષભ રાશિમાં પરિભ્રમણ કરે છે. તેથી નેતાઓમાં વિગ્રહ જણાય. દેશભંગ અર્થાત્ સરકાર ભંગ થાય! વિરોધમાં વધારો થાય. અનાજ ઓછું થાય. રસકસના ભાવ વધે. પ્રજાને પીડા ભોગવવી પડે.

તા. ૩૧-૫-૨૦૧૩ વૈશાખ વદ સાતમથી ગુરૂ ગ્રહ મિથુન રાશિમાં પરિભ્રમણ શરૂ કરે છે. તેથી વર્ષના ઉત્તરાર્ધમાં -

વરસાદ ઓછો, ભયંકર ભય. કષ્ટપીડા, નેતાઓમાં કલહ, વિગ્રહ જણાય. કેન્દ્ર સરકારમાં તકલીફ સર્જાય! કોઈ નેતાનું મૃત્યુ થાય! બાળકોને વ્યાધિ, કષ્ટપીડા, પ્રજા ચોર, લુંટારૂઓના ત્રાસથી લૂંટાય. દેશમાં બહારવટીયાઓનું શાસન રાજકારણમાં, વેપાર-ધંધામાં, ગામડાઓમાં, શહેરોમાં હોય તેમ પ્રજાને અનુભવાય. પ્રજા પીસાતી રહે. વિચિત્ર વરસાદ થાય. સોના, ચાંદીના ભાવ વધે! પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં કષ્ટપીડા, તકલીફો જણાય. જુલાઈમાં જલ નિરોધ, અનાવૃષ્ટિ, રોગ ઉત્પત્તિ, અકાળમૃત્યુ, નેતાઓમાં વિગ્રહ, રાજકીય અશાંતિ, રાજકાળ અશાંતિ સર્જાય! દુષ્કાળનો ભય, અનાજના ભાવ વધે, મોંઘવારી વધે. ગણિતજ્ઞો તેમજ વિજ્ઞાનીઓને પીડા થાય.

### વૃશ્ચિકમાં, તુલામાં રાહુ

વર્ષારંભે રાહુ વૃશ્ચિક રાશિમાં છે તે તા. ૨૩-૧૨-૨૦૧૨ માગશર સુદ અગિયારસથી તુલામાં પરિભ્રમણ શરૂ કરે છે.

શાસ્ત્રદૃષ્ટિએ વૃશ્ચિકનો રાહુ જતા જતા હાહાકાર મચાવે, અશાંતિ રખાવે, તુલા રાશિમાં રાહુનું પરિભ્રમણ કલ્યાણ આપનારું રહે. પિતા પણ સંતાનને વેચે અર્થાત્ દેશને દુનિયામાં શાંતિ જણાય નહીં. અનાજનો સંગ્રહ કરવો લાભદાયી રહે. તે સિવાય તુલા રાશિમાં શનિ-રાહુનું પરિભ્રમણ દેશ ને દુનિયાના રાજકારણની તાસીર બદલે, રાજકીય સમીકરણો બદલાય. વેપાર ધંધામાં અસરો સર્જાય. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ફેરફારો સર્જાય. ટૂંકમાં આસમાની સુલતાની થાય તેવા બનાવો દેશ ને દુનિયામાં અવાર નવાર બનશે જે ઈતિહાસના પાને નોંધનીય બનશે.

### ભાજપ

વિક્રમ સંવત ૨૦૬૯ દરમ્યાન કેન્દ્રીય કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ ભાજપને સંઘર્ષમાંથી સમય પસાર કરવો પડે. ભાજપના નેતાઓને પક્ષની એકતા, સંગઠિતતા, પ્રતિષ્ઠા સાચવવામાં તકલીફ પડે. પરસ્પરની ઈર્ષા-અદેખાઈ-ખેંચતાણ-વિવાદ સપાટી પર આવવાના કારણે પક્ષની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે. શનિ, રાહુની પ્રતિકૂળ અસરોના કારણે પક્ષના આંતર કલહનો લાભ વિપક્ષો ઉઠાવવા પ્રયત્નશીલ સક્રિય રહે. તા. ૧૩ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર ૨૦૧૨, ૧૩થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૩, તા. ૧૨ ફેબ્રુઆરીથી તા. ૩ માર્ચ પક્ષે, પક્ષના નેતાઓ, કાર્યકર્તાઓને તકલીફોમાંથી પસાર થવું પડે. પક્ષના વરિષ્ઠ નેતાનો વિયોગ થાય. રાજ્યકક્ષાની ચૂંટણીમાં સંઘર્ષનો સામનો કરવો પડે. પરંતુ પક્ષના વિજય, સફળતાથી પક્ષના રાજકીય સમીકરણો બદલાય. અને આગામી લોકસભાની ચૂંટણી માટે પક્ષના આત્મવિશ્વાસમાં વધારો થાય. પક્ષના સ્ત્રી નેતા માટે વર્ષ નબળું રહે. વર્ષ દરમ્યાન છત્રભંગ યોગ થતા હોવાના કારણે આ વર્ષમાં પક્ષના વરિષ્ઠ ઉંમર લાયક નેતાઓને દેહપીડા ભોગવવી પડે. તે સિવાય આરએસએસની સંઘચાલક વરિષ્ઠ નેતાઓ માટે વર્ષ નબળું રહે.

### કોંગ્રેસ

કોંગ્રેસ પક્ષના તેમજ કોંગ્રેસ પ્રમુખના ગ્રહયોગ નબળા હોવાના કારણે ઈ.સ. ૨૦૧૨-૧૩ કોંગ્રેસના માટે તકલીફનો સમય રહે. રાજ્યકક્ષાએ તેમજ કેન્દ્રીય કક્ષાએ પક્ષની પીછે હઠ થાય. આગામી લોકસભાની ચૂંટણીમાં પક્ષને સત્તા પ્રાપ્તિથી વંચિત રહેવું પડે. પુનઃ વનવાસનો સમય શરૂ થાય. સબળ નેતૃત્વનો અભાવ જણાય. પક્ષ પ્રમુખનું સુકાન બદલાય. રાજ્યકક્ષાની ચૂંટણીમાં ક્ષણિક અંશતઃ પક્ષને ફાયદો-લાભ થાય. પરંતુ વિશેષ કોઈ ફાયદો રાજ્યકક્ષાએ, કેન્દ્રિયકક્ષાએ પ્રાપ્ત થઈ શકે નહીં. વર્ષ દરમ્યાન અવાર નવાર આવતા છત્રભંગ યોગના કારણે પક્ષના વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓમાં પરસ્પરનો આંતરકલહ તેમના માટે ઘાતક નિવડે. તે સિવાય ઘટક પક્ષોના વલણમાં, નીતિ રીતિમાં, ટેકામાં કોંગ્રેસ પક્ષની પરિસ્થિતિ નહીં ઘરના કે નહીં ઘાટના જેવી થાય. રાજ્યકક્ષાના નેતૃત્વની ખેંચતાણમાં રાજ્યકક્ષાએ પક્ષની પ્રગતિ, સફળતા અવરોધાય.

### ગુજરાત રાજ્ય

વિક્રમ સંવત ૨૦૬૯ ગુજરાત રાજ્ય માટે

**જગતમાં ભય, અશાંતિ, કોઈ નેતાનું મૃત્યુ થાય ! કોઈ રાષ્ટ્રનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકે ! કોઈ સ્થળે આતંકવાદી હુમલાથી હાહાકાર મચે ! માર્ચ, એપ્રિલ તકલીફ અશાંતિના જણાય**

ખળભળાટનું રહેશે. કારતકમાં પાંચ રવિવાર છે તેથી ગુજરાતમાં ખળભળાટની પરિસ્થિતિ, સંજોગો જણાય! તા. ૨૪ નવેમ્બરે છત્રભંગયોગ થાય છે. તેથી નેતાઓને પીડા, બિમારી, અકસ્માત, છત્રભંગથી સંભાળવું પડે. ડિસેમ્બરમાં છત્રભંગયોગ થાય છે. તેથી નેતાઓને, કાર્યકર્તાઓને કષ્ટપીડા અનુભવાય.

ઈ.સ. ૨૦૧૩ના પ્રારંભે જાન્યુઆરીમાં રાજવિગ્રહ, વિરોધ વંટોળ રહે. નેતા-પ્રજામાં વિરોધ જણાય. પ્રજા, સરકારને તકલીફ. છત્રભંગ, મહાભય કોઈ નેતાનું અવસાન થાય! રાજ્ય-કેન્દ્રમાં ખેંચતાણ, સંઘર્ષ, વિવાદ કોઈ નેતાના પુત્રનું અવસાન થાય! ફેબ્રુઆરી, રાજદુઃખ, પ્રજાને પીડા. કોઈ સ્થળે પૃથ્વી લોહીથી ખરડાય! તા. ૨૦ ફેબ્રુઆરી, તા. ૧૨ માર્ચ, તા. ૬ એપ્રિલ છત્રભંગના કારણે નેતાઓને તકલીફ, રાજ્યમાં તકલીફ. નેતા-પ્રજા સંગ્રામ! કોઈ નેતાનું મૃત્યુ! સૌરાષ્ટ્રના સરહદી વિસ્તારમાં દુશ્મનોની ઘૂસણખોરી, છમકલાં તે સિવાય નેતાઓ-કર્યાકર્તાઓમાં વિવેકનો અભાવ જણાય. મે મહિનામાં જનસંહાર, આતંકવાદી પરિબળોનો હુમલો, મહાભય!

જુનમાં વકીલ, ન્યાયતંત્રના કર્મચારી,

(અનુસંધાન જુઓ પાના નંબર ૧૬)

**ગુરૂ ગ્રહ વૃષભ, મિથુન રાશિમાંથી પસાર થાય છે. સૂર્ય, મંગળ તેમજ અન્ય ગ્રહયોગોનું પરિભ્રમણ, ખપ્પરયોગ, છત્રભંગ, રાજ્યભંગ, દેશભંગ, ઉત્પાત, મહાભય યોગોના કારણે સંવત ૨૦૬૯ જેમ જેમ પસાર થાય તેમ તેમ રાજકીય, રાષ્ટ્રીય અસ્થિરતા, છત્રભંગ, વિનાશ, કુદરતી આપત્તિઓ, ચલણી નાણાંનું અવમૂલ્યન, મોંઘવારી, મહામંદી વગેરે પરિસ્થિતિના કારણે દેશ ને દુનિયામાં આસમાની સુલતાની સર્જાય.**